॥ જય માડી ॥ મૈં ॥ જય માડી ॥

ૐ ભગવતી શ્રી મેલડી માતાજી મંદિર
જય માડી
કૈયલધામ

# ૐ ભગવતી શ્રી મેલડી માતાજી મંદિર - કૈયલ




## શ્રી રમણ મેલડી માં ધામ

મુ. કૈયલ, તા. કડી, જી. મહેસાણા, ઉ.ગુજરાત, ભારત

# ૐ ભગવતી શ્રી મેલડી માતાજી મંદિર

મુ. કૈયલ, તા. કડી, જી. મહેસાણા, ઉ.ગુજરાત, ભારત



## શ્રી કૈયલધામ વિશે

ભારતના નકશામાં કદાચ ગમે તેવા બિલોરી કાચ કે માઈક્રોસ્કોપથી શોધવાનો પ્રયત્ન કરો તો પણ ન મળે તેવું એક નાનકડું અને આધુનિક જમાનામાં સાચુકલું ગામ એટલે ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં કડી તાલુકા માં આવેલું કૈયલ ગામ. અમદાવાદ શહેર થી લગભગ ૫૦ કિલોમીટર જેટલા અંતરે વસેલુ આ ગામ આધુનિક શહેરીકરણની અસરોથી હજુયે મુક્ત રહી શક્યું છે. શહેરીકરણના લીધે આવતા વણનોતર્યા દૂષણો જેવા કે પ્રદૂષણ, સામાજિક અસમાનતા, ભૌતિક સુવિધાઓ પ્રત્યેનીમહત્વાકાંક્ષા, તૂટતી કુટુંબ અને સમાજ ભાવના વગેરે હજુયે છેટા છે. અહી વર્ષોથી તમામ વર્ણના લોકો આનંદ અને ભાઈચારાથી સાદું સુખી જીવન જીવે છે.

આ નાનકડા ગામની આગવી ઓળખ એટલે અહી આવેલું ૐ ભગવતી શ્રી મેલડી માતાજીનું મંદિર. ગામમાં પ્રવેશતા જ માતાજીનું સ્થાનક આવે જયાં દેશના ખૂણે ખૂણેથી શ્રદ્ધાળુઓ પોતાનું માથું ટેકવીને ધન્યતાનો અનુભવ કરે છે.

હાલના મંદિર પરિસરમાં ૐ ભગવતી શ્રી મેલડી માતાજીનું મુખ્ય મંદિર, ૮૦૦-૧૦૦૦ માણસો બસીને પ્રસાદ લઈ શકે, ભજન કરી શકે અને પૂજય માડીના સત્સંગનો લાભ લઇ શકે તેવો શેડ, રસોડું, ગૌશાળા અને પૂજય માડીનું વિશ્રામ સ્થળ આવેલું છે જયાં સૌ શ્રદ્ધાળુઓ પરમ શાંતિનો અનુભવ કરે છે અને પોતાની જાતને સત્કર્મ તરફ વાળે છે.



# પૂજ્ય રમણ માડી

કૈયલ જેવું નાનકડું ગામ આજે એક પવિત્ર યાત્રાધામ બની ચૂક્યું છે. દર પૂનમે હજારો શ્રદ્ધાળુઓ પોતાની આસ્થાની આરાધના કરવામાટે રાજ્ય અને દેશ-વિદેશના ખૂણે ખૂણેથી અહી પધારે છે. શરદપૂનમના પાટોત્સવમાં દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ ભોજન અને ભજનનો લાભ લે છે. ૐ ભગવતી શ્રી મેલડી માતાજીની કૃપાથી આ બધું શક્ય બન્યું હોય તો પૂજ્ય રમણમાડીની સાચી શ્રદ્ધા અને સત્કાર્યો થકી. પ્રાતઃ સ્મરણીય, વચનસિદ્ધ અને વિશ્વ કલ્યાણક શ્રી રમણ માડીએ આ નાનકડા ગામને પવિત્ર યાત્રાધામમાં ફેરવી નાખ્યું.

આવા નાનકડા અને ટચુકડા કૈયલ ગામમાં વર્ષો પહેલા સ્વ. ગગલભાઈ રામજીભાઈ તથા સ્વ. ગંગાબાનો પરિવાર રહેતો હતો. ગરીબાઈ ઘેરી વળી હોવા છતાં પરોપકારની ભાવના તેમના લોહીના કણેકણમાં હતી. આખો પરિવાર ખેતરમાં તનતોડ કાળી મજૂરી કરીને માંડમાંડ જીવન નિર્વાહ ચલાવતો હતો. પણ આ સ્થિતિમાંયે જો કોઈ સાધુસંત ગામમાં પધારે તો તેમની બનતી સેવા કરવી એ જ તેમના જીવનનો મુખ્ય ધ્યેય હતો. સેવા પરમો ધર્મમાં માનતા આ પરિવાર માટે અજાણ્યા દીન દુખિયાની સેવા કરવી એ નિત્યક્રમ હતો.

આવા સરળ, સેવા ભાવી ,પરોપકારી ,ધાર્મિક અને સંસ્કારી માવતરના પેટે જન્મ થયો પૂજ્ય રમણ માડીનો. પરિવારમાં શાંતા બહેન, રેવા બહેન અને કમળા બહેન નામની ત્રણ દીકરીઓ ઉપરાંત ગીરીશભાઈ અને અમૃતભાઈ નામના દીકરાઓ તો હતા જ. જેમાં તા.૧-૬-૧૯૬૩ના શુભ અને પાવન દિવસે ત્રીજા દીકરાનો જન્મ થયો. જેમનું નામ માવતરે રમણ પાડ્યું. પરિવારના સંતાનો પણ માં બાપની જેમ ધાર્મિક વૃતિવાળા અને સેવા કરીને પુણ્યમેળવનારા હતા. તેમાં પણ નાનપણથી જ જનસેવા એ જ પ્રભુ સેવાની ભાવનાને જીવનમાં ઉતારીને સમય પસાર કરતા પ.પૂ. રમણમાડી માટે કઈ પણ કહેવું એટલે સૂરજને પ્રકાશ દેખાડવા બરાબર છે. પરીવાના ફળિયામાં જ ૐ ભગવતી શ્રી મેલડી માતાજી અને મંદિરની સાફ સફાઈ કરવાનું કામ પૂજ્ય રમણમાડી તદ્દન નાની ઉંમરથી જ કરતા આવ્યા છે. માતાના ઉદરમાં જ ધર્મ સેવા, પરોપકારના સદગુણો મેળવનાર પૂજ્ય રમણમાડી ને અભ્યાસ કરતા પણ સેવા, ધાર્મિક કાર્યો અને સાધુ સંતો સાથે સત્સંગ કરવામાં વધુ આનંદ હતો. ફળિયામાં આવતા કોઈ પણ સાધુ સંત ને આવકારો આપવો, યથા શક્તિ તેમની સેવા કરવી અને તેમના રહેવા જમવાની વ્યવસ્થા પણ પોતાના ઘરે કરી સેવા કાર્યોના ઓડકાર ખાઈને દિવસ પૂરો કરતા હતા. નાનપણ થી જ માં મેલડીમાં અપાર શ્રધ્ધા અને અતુટ વિશ્વાસના કારણે તેઓ માંની ભક્તિ માં સદાય હૈયું નીચોવી નાખતા.



# ॐ ભગવતી શ્રી મેલડીમાં નો સાક્ષાત્કાર

આજથી ઘણા વર્ષો પેહલા જયારે તેઓ તેમના ભાઈના ઘરે અમદાવાદના નારણપુરામાં રહેતા હતા ત્યારની આ વાત છે. ત્યાં એક સાઈકલ ચાલકે સતત ૭૨ કલાક સાઈકલ ચલાવવાનો કાર્યક્રમ રાખેલો જેને જોવા આસપાસ માંથી અનેક લોકો આવતા હતા. પૂજય રમણમાડી પણ આ કાર્યક્રમ જોવા મોટા ભાઈ ની બે દીકરીઓ ને લઈને ગયા હતા. ત્રણેય જણ આ ખેલ આનંદથી માણતા હતા ત્યારે અચાનક એક વૃદ્ધ ડોશીમા તેમની પાસે આવ્યા અને કહ્યું, બેટા, મારી આ શાલ તારી પાસે રાખ. હું થોડી વારમાં સામેના મંદિરે દર્શન કરીને પાછી આવું છું, પછી આ શાલ લઇ જઈશ. મારી આ શાલ સાચવીને રાખજે, ત્રણ ચાર કલાક પછી પણ એ માજી પરત ન આવતા ચિંતા થઇ અને શોધ કરી. અંતે સ્ટેજ ઉપરથી પણ જાહેરાત કરાવી કે આ શાલ જેમની છે તે માજી આવીને પરત લઇ જાય, જેથી હું ઘરે જઈ શકું. પરંતુ આ શાલ લેવા કોઈ ન આવ્યું. પૂજય રમણમાડી શાલ લઈને ઘરે જતા રહ્યા. બીજા દિવસે આ સમગ્ર ઘટના ની વાત બા અને ભાઈ ભાભીને કરી.

તે રાત્રે પૂજય રમણમાડીને એક સ્વપન આવ્યું જેમાં સ્વયં માં ભગવતી શ્રી મેલડી માતાજી આવ્યા અને અત્યંત સ્નેહથી કહ્યું બેટા, ગઈ કાલે હું જ તને આ શાલ આપી ગઈ છું. જે તારા વડવાઓની ભક્તિથી પ્રસન્ન થઇ મારા પ્રસાદ સ્વરૂપે સાચવજે. આ શાલ થકી તારામાં દિવ્ય શક્તિનો સ્ત્રોત થશે. જેનો સદુપયોગ સમાજના દીન દુખીયાઓની નિસ્વાર્થ સેવા કરવામાં અને લોકોના કલ્યાણ અર્થે માનવજાતને ઉપયોગી થાય તેવા કાર્યો કરવામાં કરજે, એટલે આ શાલ માત્ર એક કપડાનો ટુકડો નથી. મારો તારા પ્રત્યે નો અપાર પ્રેમ છે. અને એ મારા આશીર્વાદ નો પરોક્ષ પુરાવો છે.

તે દિવસથી જ પૂજય રમણમાડી ના શરીર માં દિવ્ય શક્તિનું પ્રાગટ્ય થયું. તેમનામાં સેવા કરવાની અને પરોપકારના કાર્યો કરવાની તમન્ના તો હતી જ, પરંતુ આ ઘટના પછી સંપૂર્ણ માનવજાત માટે કઈક કરી છૂટવાની ભાવના પ્રબળ બની અને માં મેલડી ના આદેશને શિરોમાન્ય ગણીને લોકહિતના કાર્યો કરવા માટે તેમણે આજીવન ભેખ ધારણ કર્યો. આજે પણ લોક હિતનાકાર્યોનો એ ધોધ અવિરત પણે વહે છે. જેના અમી છાંટણામાં આપણે પણ ભીંજાવું જ રહ્યું.











# શરદપૂનમ નો પાટોત્સવ

દર વર્ષની શરદ પૂનમના રોજ ભવ્ય-દિવ્ય પાટોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેમાં લાખો શ્રધ્ધાળુઓ માંના દર્શન કરી, પ્રસાદ લઈને ધન્ય બને છે. પાટોત્સવના દિવસે સવારે ધર્મ ધજાનું આરોહણ થાય છે. માતાજી ની આરતી થાય છે અને મેલડી માતાજીએ જાતે આપેલી શાલના દર્શન કરાવવામાં આવે છે. પાટોત્સવ નિમિતે મહાયજ્ઞ અને છપ્પન ભોગનો મહા પ્રસાદ કરવામાં આવે છે. જેમાં ઉપયોગી તમામ સામગ્રી પૂ.માડી તરફથી આપવામાં આવે છે. અહિયા દરેક કાર્યમાં પૂ.માડીને સાક્ષાત મેલડી માતાજી પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પડે છે. યજ્ઞમાં શ્રીફળ હોમ્યા પછી માડીનો થાળ ગાવામાં આવે છે ને સ્વયં મેલડી માતાજી પ્રસાદ લેવા માટે આવતા હોય તેવું અદ્‌ભુત અકલ્પનીય અલૌકિક વાતાવરણ ઉભું થાય છે. તે સમયે શ્રધ્ધાળુ, સંતો અને મહંતો એટલા ભાવ મય બની જાય છે કે દરેક ની આંખમાં હર્ષના અશ્રુ ઉભરી આવે છે. દરેક સેવકોનું રોમરોમ આનંદ થી ઝૂમી ઉઠે છે. અંતમાં, પૂ. માડી તેમના હાથમાં જયોત પ્રગટાવી મહાઆરતી કરે છે. આ મહાઆરતી એટલે માંના દર્શન. લાખો શ્રદ્ધાળુઓ આ આરતીનો લ્હાવો માણીને પોતાનું જીવન ધન્ય બનાવે છે.









# કૈયલધામ ખાતે સેવા પ્રવૃત્તિ

કૈયલધામનો વ્યાપ વધતા શ્રી રમણ મેલડીમાં ધામ ખાતે અનેક પ્રકારની સામજિક અને સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. દર વર્ષે જાન્યુઆરી મહિનાની પહેલી પૂનમના રોજ જલારામ આઇ હોસ્પિટલ, બોડેલીના સહયોગથી નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. અત્યાર સુધીમાં દસ નેત્ર નિદાન કેમ્પનું આયોજન સંપૂર્ણ સફળતા પૂર્વક કર્યું છે. અનેક વ્યક્તિઓએ ઝામર અને મોતિયાના ઓપરેશન કરાવીને તંદુરસ્ત દ્રષ્ટિ પાછી મેળવી છે. તદુપરાંત હજારો વ્યક્તિઓને વિના મૂલ્યે ચશ્મા પણ આપવામાં આવ્યા છે. આ સેવા કાર્યમાં માતાજીની કૃપા દ્રષ્ટિ હોવાથી આજ દિન સુધીમાં એક પણ ઓપરેશન નિષ્ફળ ગયા નથી.

આસિવાય રક્તદાન કેમ્પ, સર્વ રોગ નિદાન કેમ્પ, સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ બાળ રોગ નિદાન કેમ્પ અવારનવાર યોજવામાં આવે છે. જીવનમાં શિક્ષણનું મહત્વ સમજેલા પૂ.માડી તરફથી દર વર્ષે વિદ્યાર્થીઓને પુસ્તકો તથા નોટબૂકનું મફત વિતરણ કરવામાં આવે છે. ધો. ૧૦, ૧૨, સ્નાતક તથા અનુસ્નાતક ના ઉચ્ચ ટકાવારી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ઇનામ વિતરણ સમારોહ યોજી તેઓને સન્માનિત અને પ્રોત્સાહિત કરવામાં આવે છે. સમાજ માટે અતિ અગત્યનું અભિયાન હોય તો તે એ છે વ્યસન મુક્તિ અભિયાન. દારૂ, જુગાર, સિગારેટ, પાનમસાલા, ગુટખા જેવા વ્યસનો છોડવા વ્યસનીઓને સમજાવવામાં આવે છે અને અત્યાર સુધીમાં અનેક લોકોએ પોતાના વ્યસનનો ત્યાગ કરીને પોતે અને પરિવારજનોને સુખી કર્યા છે.

# જય માડી પરિવારના પાંચ ધ્યેય

ૐ ભગવતી શ્રી મેલડી માતાજીની કૃપા અને આશીર્વાદથી પ.પૂ. રમણ માડીના સાનિધ્યમાં જય માડી સેવા પરિવાર પાંચ ખાસ ધ્યેય સાથે સામાજિક પ્રવૃત્તિઓ કરે છે.

**૧. સંસ્કાર સિંચન અભિયાન** **૨. અંધશ્રધ્ધા નાબૂદી અભિયાન** **૩. વ્યસન મુક્તિ અભિયાન** **૪. બેટી બચાવો અભિયાન**

**૫. શિક્ષિત બનો, ધાર્મિક બનો અને રાષ્ટ્ર સેવા કરો.**

આજે કૈયલમાં તમામ સેવકો આ પાંચ ધ્યેયને સાચા અર્થમાં પરિપૂર્ણ કરતા અથાક પ્રયત્નો અને અખૂટ પરિશ્રમ કરી રહ્યા છે.



# નૂતન મંદિર નિર્માણ સંકલ્પ

ઈ.સ ૧૯૯૭માં કૈયલમાં પૂજ્ય માડીના નિવાસ સ્થાને પૂનમ ભરવાનું પ્રારંભ કર્યું ત્યારે માડીએ સેવકોને કહ્યું કે દર્શનાર્થે આવતા દરેક શ્રદ્ધાળુઓને ભોજન તો કરાવવું જ છે. આ તબકકે માડી પરિવારના દરેક સેવકનો એક જ પ્રશ્ન હતો કે આટલા બધા લોકોને પ્રસાદ આપવાનું કઈ રીતે શક્ય છે? ત્યારે પૂ.માડીનો ખૂબજ સરળ જવાબ હતો, સેવા ભાવના રાખીશું તો માં મેલડી સહુ ભક્તોને જાતેજ ભોજન કરાવશે. ત્યારથી આજ સુધી દર પૂનમે લગભગ ૫૦૦૦ થી ૭૦૦૦ શ્રદ્ધાળુઓ પ્રસાદ અને માં ના આશીર્વાદ મેળવે છે.

હજારો શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધારો થતા સેવકોએ માં ને પ્રાર્થના કરતા માં ની રજા લઇ માં ને લઇ પૂજય માડીના ખેતરમાં આવ્યા. સેવકોના હૃદયના ભાવથી ખેતરમા માં ના મંદિરનું નિર્માણ થયું. હાલ મા માં નું પટાંગણ જે છે તે પણ નાનું પડતા ભાવિક ભક્તોની લાગણી પૂર્વકની અરજ અને શ્રદ્ધાળુઓની સગવડતા માટે જયારે પૂ.માડીને મંદિરના નવીનીકરણની વાત કરી ત્યારે તેઓએ માતાજીની ઈચ્છા જાણી અને નૂતન મંદિર બનાવવાની રજા આપી. જેના કારણે આજે હર્ષોલ્લાસ સહ મંદિરના નવીનીકરણનું કામ ચાલુ છે. આ મંદિર અને સમગ્ર પરિસર બનાવવાનો અંદાજીત ખર્ચ કરોડો રૂપિયાનો છે. આ નૂતનમંદિર નો મુખ્યહેતુ છે ‘ભજન અને ભોજન . આ પરિસરમાં કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના સર્વે ભક્તોને ભોજન પ્રસાદ માટે આધુનિક અને સંપૂર્ણ સુવિધા યુક્ત ભોજન શાળાનું પણ નિર્માણ હાથ ધરેલ છે. આ ઉપરાંત સાધુ સંતો માટે એક સત્સંગ સભા ખંડ પણ બનાવવાનું આયોજન છે. જયાં જીવન જીવનનો સાચો રસ્તો સંતો દેખાડશે. શ્રદ્ધાળુઓ માટે અદ્યતન સગવડવાળી ધર્મશાળા બનાવવાની છે, જયાં તેઓ જીવનનો સાચો માર્ગ પામે અને પરમ શાંતિનો અનુભવ કરે. આ નૂતન મંદિરમાં માતાજી ની ભવ્ય-દિવ્ય અને અલૌકિક પ્રતિમા હશે જેના દર્શન માત્ર થી સર્વ દુખોમાં થી મુક્તિ મળશે.

મંદિરમા દાન પેટી નથી પરંતુ જય માડી સેવા પરીવારના સેવકો દ્વારા જ તમામ વ્યવસ્થા કરવામાં આવે છે. પરંતુ વધતી જતી ભક્તોની સંખ્યા અને નૂતન મંદિર માટેનો ખર્ચ, આ બધાને પહોચી વળવું કોઈ પણ વ્યક્તિ માટે આકાશ કુસુમવત છે. તેથી જ આજે માં મેલડીના દરેક ભક્તો સમક્ષ યથાશક્તિ યથાભક્તિ આ મંગલકાર્યમાં સહાયરૂપ બની આજીવન પુણ્યનું ભાથું બાંધી લેવા માટે હાકલ કરવામાં આવે છે.




## ૐ ભગવતી શ્રી મેલડી માતાજી ચેરીટેબલ ટ્રસ્ટ - કૈયલ

(રજી.નં ઈ-૧૨૮૮૮)

**શ્રી રમણ મેલડી માં ધામ -** મુ. કૈયલ, તા. કડી, જી. મહેસાણા, ઉ.ગુજરાત, ભારત, ફોન : (૦૨૭૬૪) ૨૬૭૧૯૧

એ/૧૩, શાશ્વત એપાર્ટમેન્ટસ, આનંદ મિલન ટાવર સામે, હિતેન્દ્ર દેસાઈ ગાર્ડન પાછળ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪

### જય માડી સેવા પરિવાર

**મો :** ૯૮૨૫૦ ૩૦૪૮૧ **ઈ-મેઈલ :** kaiyaldham@gmail.com **વેબસાઈટ :** www.kaiyaldham.com

www.facebook.com/kaiyaldham www.youtube.com/kaiyaldham twitter.com/kaiyaldham